ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર
માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.
અપીલ નં- અ-૨૧૬૯-૨૦૨૫

વિવાદી : શ્રી દિપકભાઇ સતીષભાઇ શર્મા
ઘર નં.૪૦૬, શિવાજી ચોક,
મું. વિજલપોર, તા. જલાલપોર,
જી. નવસારી - ૩૯૬૪૪૫

વિરુધ્ધ

પ્રતિવિવાદી : (૧) જાહેર માહિતી અધિકારી
નાયબ કાર્યપાલક ઈજનેર
નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી,
માર્ગ અને મકાન પેટા વિભાગ,
મુ.પો. ચીખલી, તા. જી. નવસારી - ૩૯૬૪૪૫

(૨) અપીલ સત્તાધિકારી
કાર્યપાલક ઈજનેર
માર્ગ અને મકાન વિભાગ
બહુમાળી મકાનની બાજુમાં, જુનાથાણા,
નવસારી - ૩૯૬૪૪૫

તા. ૧૬/૭/૨૦૨૫
ડૉ. સુભાષ સોની,
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત રાજ્ય સમક્ષ

(૧) સુનાવણીની તારીખ : ૧૫/૦૭/૨૦૨૫

(૨) આયોગ સમક્ષ રજૂ થયેલ કાગળોની વિગત:-

| ક્રમ | વિગત | : | તારીખ |
|---|---|---|---|
| (i) | નમૂના-કની અરજી | : | ૦૬/૧૨/૨૦૨૪ |
| (ii) | તબદીલી પત્ર | : | ૧૦/૧૨/૨૦૨૪ |
| (iii) | જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર | : | ૧૩/૦૧/૨૦૨૫ (બે પત્રો) |
| (iv) | પ્રથમ અપીલ | : | ૨૦/૦૧/૨૦૨૫ |
| (v) | પ્રથમ અપીલ અધિકારીનો હુકમ | : | ૧૫/૦૨/૨૦૨૫ |
| (vi) | બીજી અપીલ | : | ૧૬/૦૪/૨૦૨૫ |
| (vii) | વિવાદીની રજૂઆત | : | ૧૨/૦૭/૨૦૨૫ |
| (viii) | જાહેર માહિતી અધિકારીનો અહેવાલ | : | ૧૧/૦૭/૨૦૨૫ |
| (ix) | પ્રથમ અપીલ અધિકારીનો અહેવાલ | : | ૦૪/૦૭/૨૦૨૫ |

(૩) સુનાવણીમાં ઉપસ્થિત પક્ષકારો:-

| | | | |
|---|---|---|---|
| વિવાદી | : | | શ્રી દિપકભાઇ સતીષભાઇ શર્મા વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે. |
| પ્રતિવિવાદી | : | (૧) | શ્રી પટેલ ભરત એન., જાહેર માહિતી અધિકારી અને નાયબ કાર્યપાલક ઈજનેર, નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી, માર્ગ અને મકાન પેટા વિભાગ, મુ.પો. ચીખલી, તા. જી. નવસારી વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે. |
| | | (૨) | પ્રથમ અપીલ સત્તાધિકારી અને કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, નવસારી વતી શ્રી પટેલ દેવુભાઇ એ., હેડ ક્લાર્ક વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહેલ છે. |

(૪) <u>આયોગ સમક્ષ સુનાવણી અને હુકમ:-</u>

વિવાદી જણાવે છે કે, તેઓની અરજીના મુદ્દા ક્રમાંક-(૨),(૩), (૭) અને (૯)ની માહિતીની તેઓને જરૂર હોવાથી, તે મુદ્દાઓની માહિતી આપવા માટે આપવા માટેના હુકમો કરવામાં આવે.

જાહેર માહિતી અધિકારી દ્વારા તા.૧૩/૦૧/૨૦૨૫ના પત્રથી નિયત નકલ પેટે રૂ.૫૮૨/- ચૂકવવા માટે વિવાદીને જણાવતો પત્ર ૩૧મા દિવસે લખવામાં આવેલ હોવાથી તથા વિવાદીની અરજીના ઉક્ત મુદ્દા પરત્વે માહિતી આપવાપાત્ર હોવાથી, ઉપસ્થિત રહેલ જાહેર માહિતી અધિકારીએ માહિતી આપવા માટે સંમતિ દર્શાવેલ છે.

ઉક્ત વિગતે જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે કે, વિવાદીની અરજીના મુદ્દા ક્રમાંક-(૨),(૩), (૭) અને (૯)ની માહિતી આયોગનો હુકમ મળ્યા તારીખથી દિન-૧૦માં વિવાદીને આર.પી.એડી. પત્રથી વિનામૂલ્યે આપવામાં આવે.

જાહેર માહિતી અધિકારી દ્વારા વિવાદીની વર્તણૂંક સંબંધમાં પોલીસ ઈન્સ્પેક્ટર, ચીખલી પોલીસ સ્ટેશનને પાઠવવામાં આવેલ તા.૧૪/૦૨/૨૦૨૫ના પત્રની નકલ આયોગ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે. આ પત્ર અન્વયે તેઓએ વિવાદી, તેઓની કચેરીમાં પરવાનગી વગર આવી, વિડિયોગ્રાફી શરૂ કરી, બ્લેકમેઈલ કરવાના પ્રયત્નો કરેલ હોવાનો તથા તેઓ દ્વારા વિવાદીને અટકાવવામાં આવતા, તેઓ દ્વારા વિવાદી સાથે ઝપાઝપી કરી, વિડિયો કેમેરો તોડી નાખવાના આરોપ મુદ્દે ઉઘરાણી કરવાના પ્રયાસો કરવામાં આવેલ હોવાની રજૂઆત કરવામાં આવેલ છે.

ઉક્ત રજૂઆત અન્વયે જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે કે, કોઈપણ નાગરિક દ્વારા માહિતી અધિકાર અધિનિયમના ઓથા હેઠળ તેઓને પરેશાન કરવામાં આવે તો, તે અંગે સંબંધિત પોલીસ સ્ટેશનમા ફરિયાદ નોંધાવવામાં આવે અને માહિતી અધિકાર અધિનિયમના ઓથા હેઠળ અધિનિયમના પવિત્ર હેતુઓ સિવાયના હેતુઓસર માહિતીની માંગણી કરવામાં આવે તો, હવે પછી વિગતવાર અહેવાલથી આયોગનું ધ્યાન દોરવામાં આવે.

ઉક્ત હુકમ અન્વયે અપીલનો નિકાલ કરવામાં આવે છે.

સહી/-
(ડૉ. સુભાષ સોની)
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર

મુકાબલ કરનાર

કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

પ્રમાણિત કરનાર

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

Gujarat Information Commission
CITIZENS HAVE RIGHT TO INFORMATION
GANDHINAGAR